# પ્રકરણ : ૧૪

# ભવનવાસી દેવ અને તેના કષાયજન્ય દુઃખ



**પ્રકરણની રૂપરેખા**

- ☼ પ્રાસ્તાવિક
- **ભવનવાસી દેવ કોને કહે છે ?**
- **ભવનવાસી દેવનું સ્વરૂપ**
- **ભવનવાસી દેવના કષાયજન્ય દુઃખ**
- ☼ ઉપસંહાર.



(છંદ : જોગીરાસા)

**यम पकडे तब जोर न चाले, सेन ही सेन बतावे,**
**मंद कषाय होय तो भाई, भवनत्रिक पद पावै ।**
**परकी सम्पति लखि अति झूरे, के रति काल गमावै,**
**आयु अन्त माला मुरझावैं, तब लख लख पछतावै ।।**

ભાવાર્થઃ જ્યારે યમરાજનું તેડું આવે છે ત્યારે તેની પાસે કોઈનું જોર ચાલતું નથી. મરણ સમયે પોતે એવો કમજોર થઈ જાય છે કે બોલી પણ શકતો નથી અને પોતે મનવાળો સંજ્ઞી પ્રાણી હોવા છતાં પોતાની મનની વાત બીજાને સંજ્ઞા (ઇશારો) કરીને બતાવવી પડે છે. પોતે અજ્ઞાની પણ મંદકષાયી હોય તો મરણ પામીને હે ભાઈ ! તું ભવનત્રિક એટલે કે ભવનવાસી-વ્યંતર-જ્યોતિષી જેવા હલકા દેવમાં ઉપજે છે. મંદ કષાયના ફળમાં ભવનવાસી જેવા હલકા દેવની પદવી પામી પણ અજ્ઞાનનાં કારણે ત્યાં કષાયની તીવ્રતા જ પામ્યો અને તેથી પોતાથી મોટા બીજા દેવ અને ઈન્દ્રની સંપદા જોઈને કલ્પાંત કર્યો. તેમજ પુણ્યના ફળમાં અતિ આસક્ત બની પોતાના મોટા આયુષ્યને પણ ફોગટ ગુમાવ્યું અને આયુષ્યનાં અંતમાં જ્યારે મંદારમાળા કરમાઈ ગઈ અને પોતાનું આયુષ્ય હવે છ મહિનાનું જ બાકી છે તેમ જાણી ઘણો પસ્તાયો અને આર્તધ્યાનપૂર્વક મરણ પામી એકેન્દ્રિય-સ્થાવરમાં ઉત્પન્ન થયો.

(પંડિત બુધજનકૃત છ ઢાળા : ઢાળ ૨ : ગાથા ૬)

મંદ કષાયના પુણ્યના ફળમાં દેવગતિની પ્રાપ્તિ થાય છે પણ આ પુણ્ય અજ્ઞાન સહિતનું હોય તો ભવનવાસી જેવા હલકા દેવમાં ઉપજે છે. અજ્ઞાની દેવ કષાયની તીવ્રતા પામી અને પુણ્યમાં અતિ આસક્ત બની ખૂબ દુઃખપૂર્વક મરણ પામી સ્થાવરની પ્રત્યેકકાયની એકેન્દ્રિય અવસ્થામાં ઉપજે છે. તેથી પુણ્યશાળી દેવો પણ દુઃખી જાણવા.

કોઈપણ કર્મના ઉદયનું ફળ કોઈપણ પ્રકારના અપવાદ વિના જીવને દુઃખનું જ કારણ છે. તેથી પાપકર્મની જેમ પુણ્યકર્મનો ઉદય પણ જીવને દુઃખનું જ કારણ છે. દેવો પુણ્યનાં ઉદયની પ્રમુખતાવાળા છે. પુણ્યનો ઉદય સુખનું કારણ છે એવી અજ્ઞાની જીવને અનાદિકાળથી ચાલી આવતી ભ્રમણા છે. પણ વાસ્તવમાં કોઈપણ કર્મનો ઉદય - પાપનો કે પુણ્યનો- દુઃખનું જ કારણ હોય છે. તેથી જેઓ પુણ્યશાળી છે, જેમને બધી ઈચ્છિત સામગ્રી પ્રાપ્ત છે, તેઓ અનેક પ્રકારની ઋદ્ધિઓ અને સિદ્ધિઓને કારણે લોકનું અધિપત્ય ધરાવે છે, જેઓ પોતાના ઘણાં લાંબા આયુષ્યને કારણે 'અમર' તરીકે પણ ઓળખાય છે એવા દેવો પણ આ દુનિયામાં દુઃખી જ છે.




પુણ્યશાળી દેવો પણ દુઃખી છે તે બાબત સમજાય તો અને તો જ આ સંસારમાં ક્યાંય સુખ નથી તેમ નક્કી થાય. વળી તે સુખ સંસારથી વિરુદ્ધ આત્માના મોક્ષ અને મોક્ષમાર્ગમાં છે તેમ નક્કી થાય. તો જ આ જીવ મોક્ષાર્થી કે આત્માર્થી બની શકે. સાચો આત્માર્થી કે મોક્ષાર્થી બનવા માટે સાચું સુખ પોતાના આત્મામાં જ છે એટલે કે આત્માના મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ છે તે બાબત નક્કી થવી પણ આવશ્યક જ નહિ અનિવાર્ય પણ છે.

દેવોના કુલ ચાર પ્રકાર છે– ૧. ભવનવાસી દેવ, ૨. વ્યંતર દેવ, ૩. જ્યોતિષી દેવ અને ૪. વૈમાનિક દેવ. વૈમાનિક દેવ કલ્પવાસી અને કલ્પાતીત એમ બન્ને પ્રકારે હોય છે. આ બધાં પ્રકારના દેવનું સ્વરૂપ અને

તેના દુઃખની ચર્ચા કરવામાં આવશે. આ પ્રકરણમાં ભવનવાસી દેવની ચર્ચા છે. દેવોમાં ભવનવાસી દેવ એ નિમ્નકક્ષાના દેવ છે અને તેથી તેઓમાં કષાય અને કષાય અનુસારના કાર્યની મુખ્યતા છે. તેથી ભવનવાસી દેવમાં કષાયજન્ય દુઃખની પણ મુખ્યતા છે. તેથી કષાયજન્ય દુઃખનું વર્ણન ભવનવાસી દેવના આધારે કરવામાં આવશે. પણ તે પહેલાં ભવનવાસી દેવ અને તેનું સ્વરૂપ જોઈએ.

## ભવનવાસી દેવ કોને કહે છે ?

**દિવ્ય ગુણો અને દિવ્ય શરીરથી શોભાયમાન દેવ ગતિના સંસારી જીવોને દેવ કહે છે. આ દેવ પૈકી અધોલોકમાં 'ભવન'નાં નિવાસ સ્થાન ધરાવનાર નિમ્નકક્ષાના દેવ ભવનવાસી દેવ તરીકે ઓળખાય છે.**



આ દેવોનું જીવન, વેશભૂષા, ક્રીડા, સ્વભાવ, ટેવો વગેરે વીસ વર્ષથી નીચેના યુવાન જેવી હોવાથી તેઓ 'કુમાર' તરીકે પણ ઓળખાય છે. અને તેથી ભવનવાસી દેવના દરેક પ્રકારને 'કુમાર' સંજ્ઞા લગાડવામાં આવે છે. ભવનવાસી દેવના દશ પ્રકાર નીચે મુજબ છે–

૧. અસુરકુમાર, ૨. નાગકુમાર, ૩. સુપર્ણકુમાર, ૩. સુવર્ણકુમાર, ૪. દ્વીપકુમાર, ૫. ઉદધિકુમાર, ૬. સ્તનિતકુમાર, ૭. વિદ્યુતકુમાર, ૮. દિક્કુમાર, ૯. અગ્નિકુમાર અને ૧૦. વાયુકુમાર. ભવનવાસી દેવની આ દશ પ્રકારની સંજ્ઞા તે તે પ્રકારના નામકર્મનાં ઉદયના કારણે છે.

## ભવનવાસી દેવનું સ્વરૂપ

અધોલોકના ભવનમાં રહેતા દેવગતિના દેવને ભવનવાસી દેવ કહે છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે.

**પ્રકાર** : ભવનવાસી દેવની નામકર્મની અપેક્ષાએ અસુરકુમારાદિ દશ પ્રકારની સંજ્ઞા છે. આ ઉપરાંત આ દેવોમાં તેમની કામગીરી અને પ્રવૃત્તિની અપેક્ષા પણ દશ પ્રકારના ભેદ જોવા મળે છે જે આ પ્રમાણે છે –

૧. ઈન્દ્ર, ૨. સામાનિક, ૩. ત્રાયસ્ત્રિંશ, ૪. પારિષદ, ૫. આત્મરક્ષક, ૬. લોકપાળ, ૭. અનીક, ૮. પ્રકીર્ણ, ૯. આભિયોગ્ય અને ૧૦. કિલ્વિષિક. કામગીરી અપેક્ષાએ આ દશ પ્રકારના ભેદની કલ્પના ભવનવાસી ઉપરાંત વ્યંતર, જ્યોતિષી અને સોળમાં સ્વર્ગ સુધીના વૈમાનિક દેવોમાં જોવા મળે છે. કામગીરી અપેક્ષાએ આ દશ પ્રકારની ભેદની કલ્પનાને કારણે આ દેવો કલ્પોપપન્ન કે કલ્પવાસી તરીકે ઓળખાય છે અને સોળમા સ્વર્ગથી ઉપરના બધાં વૈમાનિકદેવો કલ્પાતીત તરીકે ઓળખાય છે.


**પર્યાપ્તિ** : ભવનવાસી દેવને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મન એ છયે પ્રકારની પર્યાપ્તિ હોય છે. ભવનવાસી દેવને આહાર પર્યાપ્તિમાં તેમને કવલાહાર હોતો નથી પણ માનસિક આહાર હોય છે. તેમને આહારની ઇચ્છા સાડા સાત દિવસથી લઈને એક હજાર વર્ષની અંદર ઉપજે છે, ત્યારે તેમના કંઠમાંથી અમી ઝરે છે.

શરીર પર્યાપ્તિમાં આ દેવોને પવિત્ર વૈક્રિયિક શરીર હોય છે. દેવના વૈક્રિયિક શરીરમાં મનુષ્યની જેમ મળ-મૂત્ર, હાડ-ચામ, માંસ-મજ્જા, રૂધિર-વસા કે રજ-વીર્ય જેવી ધાતુઓ હોતી નથી. દેવના શરીરમાં રોગ અને વૃદ્ધાવસ્થા હોતી નથી. આ દેવોનું શરીર અતિ નિર્મળ, અનુપમ કાંતિવાળું, મહા સુગંધી, સુંદર રૂપવાળું અને ઉત્તમ સંસ્થાનવાળું હોય છે. દેવીનું શરીર પણ તેવું જ હોય છે.

ઇન્દ્રિય પર્યાપ્તિમાં પાંચેય ઇન્દ્રિયો હોય છે. તેમાં નાક વડે શ્વાસોચ્છ્‌વાસ કરે છે. આ શ્વાસોચ્છ્‌વાસનો અંતરાલનો કાળ સાડા સાત મુહૂર્તથી માંડીને પંદર દિવસ સુધીનો હોય છે. ભાષા પર્યાપ્તિમાં તેઓ જીભ વડે ભાષા ઉચ્ચારે છે. મન પર્યાપ્તિના કારણે તેઓ પોતાના હિતાહિતનો વિચાર કરી આત્મહિત સાધી શકે છે.

**જન્મનો પ્રકાર** : ભવનવાસી દેવોના ભવનની જન્મશાળામાં આવેલી ઉપપાદ શૈયામાં ભવનવાસી દેવનો ઉપપાદ જન્મ થાય છે. અંતર્મુહૂર્તમાં છયે પર્યાપ્તિ પૂરી કરીને સોળ વર્ષના યુવાન સમાન શરીર પ્રાપ્ત થાય છે. નવજાત દેવનો જન્મ થતાં જ જન્મશાળાના કમાડ ખુલી જાય છે. આનંદભેરી

વાગવા માંડે છે. આ ભેરીના શબ્દો સાંભળી પરિવારના દેવ-દેવીઓ હર્ષથી જયજયકાર કરતાં આવી પહોંચે છે અને અનેક પ્રકારના મંગલ વાદ્યો અને વાર્જિંત્રો વગાડતા તેને શાશ્વત જિનાલયમાં શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન માટે લઇ જાય છે. દેવલોકમાં ઉપજેલ કોઇ પણ દેવ સૌ પ્રથમ શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન કરી દેવલોકમાં પદાર્પણ કરે છે.







**અવસ્થાન :** અવસ્થાન એટલે રહેઠાણ કે નિવાસ સ્થાન. ભવનવાસી દેવના નિવાસ સ્થાનને ભવન કહે છે. આ ભવનો મધ્યલોકની ચિત્રા પૃથ્વીની નીચે અધોલોકની પ્રથમ પૃથ્વી રત્નપ્રભાના ઉપરના બે ભાગ ખરભાગ અને પંકભાગમાં આવેલાં છે. દશેય પ્રકારના ભવનવાસી દેવોના કુલ સાત કરોડ બોત્તેર લાખ ભવનો છે. બધાં ભવનો ચોરસ આકારના તથા વજ્રમયદ્વારોથી શોભાયમાન છે. આ ભવનોમાં જન્મશાળા, અભિષેકશાળા, ભૂષણશાળા, મૈથુનશાળા, પરિચર્યાગૃહ અને મંત્રશાળા જેવા સામાન્યગૃહો તથા કદલીગૃહ, ગર્ભગૃહ, ચિત્રગૃહ, આસનગૃહ, નાદગૃહ અને લતાગૃહ જેવા વિશેષગૃહો હોય છે. આ ભવનો રત્નમાળા, મણિમય દીવડા અને ફરકતી ધ્વજાઓથી સુશોભિત તેમજ મહાસુગંધી, મહારમણીક અને મહાઉદ્યોતરૂપ હોય છે.



કેટલાક ભવનો સંખ્યાત યોજન વિસ્તારવાળા છે, જેમાં સંખ્યાત દેવો રહે છે. અને કેટલાંક અસંખ્યાત યોજન વિસ્તારવાળા છે, જેમાં અસંખ્યાત દેવો રહે છે. પરંતુ આ દરેક ભવનોની ઊંચાઇ એકસરખી ત્રણસો યોજન (૩૮૪૦ કિ.મી.) જેટલી હોય છે.

**અવગાહના :** ભવનવાસી દેવમાં અસુરકુમાર જાતિના દેવના શરીરની અવગાહના ૨૫ ધનુષ (૪૦ મીટર) જેટલી અને બાકીનાની ૧૦ ધનુષ (૧૬ મીટર) જેટલી હોય છે. આ માપ મૂળ શરીરનું છે. વિક્રિયાથી દેવ પોતાનું શરીર નાનુંમોટું અનેક પ્રકારે કરી શકે છે.

**આયુ :** ભવનવાસી દેવમાં દરેકનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે. ઉત્કૃષ્ટ આયુષ્યમાં અસુરકુમાર દેવનું એક સાગર (૪.૧૩×૧૦[illegible] વર્ષ) નાગકુમારનું ત્રણ પલ્ય (૧.૨૩૯×૧૦[illegible] વર્ષ) સુવર્ણકુમારનું અઢી પલ્ય (૧.૦૩૩×૧૦[illegible] વર્ષ) અને દ્વીપકુમારનું બે પલ્ય (૮.૨૬×૧૦[illegible] વર્ષ) હોય છે. બાકીના બધા દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય દોઢ પલ્ય (૬.૧૯૫×૧૦[illegible] વર્ષ) સુધીનું હોય છે.

ભવનવાસી દેવીમાં દરેકનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્યમાં અસુરકુમારની દેવીનું ત્રણ પલ્ય (૧.૨૩૯×૧૦[illegible] વર્ષ) નાગકુમારની દેવીનું ૧/૮ પલ્ય (૫.૧૬×૧૦[illegible] વર્ષ) અને સુપર્ણકુમારની દેવીનું ત્રણ કરોડ પૂર્વ (૨.૧૨× ૧૦[illegible] વર્ષ) છે. બાકીની બધી દેવીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ કરોડ વર્ષ જેટલું હોય છે.

**ગતિ-નામકર્મ-કાળ-સંખ્યા-લિંગ-અવધિજ્ઞાન-ઋદ્ધિ-લેશ્યા-પ્રાણ :** સંસારી જીવની ચાર ગતિ પૈકી ભવનવાસી દેવો દેવગતિના છે. નામકર્મમાં તેમને ત્રસ નામકર્મનો ઉદય હોવાથી તેઓ ત્રસ કહેવાય છે. અને અસુરકુમાર આદિ નામ પણ તેમના તે પ્રકારના નામકર્મના ઉદયના કારણે હોય છે. સંસારી જીવના ત્રસ પર્યાયમાં રહેવાના ઉત્કૃષ્ટ બે હજાર સાગરોપમ (૮.૨૬×૧૦[illegible] વર્ષ) ના કાળમાં મનુષ્યપર્યાય કરતાં અસંખ્યગણો વધુ કાળ નરકપર્યાયમાં અને નરકપર્યાય કરતાંય અસંખ્યગણો વધુ કાળ બધાં પ્રકારની દેવપર્યાયમાં ગાળે છે. તેથી મનુષ્ય અને નારકી કરતાં દેવના ભવ અસંખ્યગણા વધુ કરે છે. અને આ દેવની સંખ્યા પણ મનુષ્ય અને નારકી કરતાં અસંખ્યગણી વધુ હોય છે. બધાં પ્રકારના દેવ પુલ્લિંગ કે સ્ત્રીલિંગ ધારી હોય છે પણ તેઓ નપુંસકલિંગ ધારી હોતા નથી.

દેવોને મતિ-શ્રુત ઉપરાંત અવધિજ્ઞાન પણ હોય છે. ભવનવાસી દેવના અવધિજ્ઞાનનો વિષય ઉપરની તરફ મેરૂપર્વતની ટોચ સુધીનો અને નીચેની તરફ પોતાના ભવનથી દૂર થોડા ક્ષેત્રમાં હોય છે. અને ફરતા આસપાસનાં ક્ષેત્રમાં તે ઘણા દૂર સુધી હોય છે. ભવનવાસી દેવો પોતાના અવધિજ્ઞાનના ક્ષેત્ર સુધીની વિક્રિયા કરી શકે તેવી તેની વિક્રિયા ઋદ્ધિ હોય છે. આ દેવોને અણિમા, મહિમા, લઘિમાં, પ્રાપ્તિ,

પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ અને કામરૂપિત્વ જેવી આઠ પ્રકારની વિક્રિયા ઋદ્ધિ હોય છે. આ દેવોને મુખ્યપણે કૃષ્ણ, નીલ, કાપોત જેવી અશુભ લેશ્યા હોય છે અને ગૌણપણે જઘન્ય પ્રકારની પીત લેશ્યા હોય છે. દેવો દશેય પ્રકારના વ્યવહાર પ્રાણ ધરાવે છે.



**ગતિ-આગતિ :** મિથ્યાદષ્ટિ મનુષ્ય અને પશુ ભવનવાસી દેવમાં ઉપજે છે. સમ્યગ્દષ્ટિ જીવ ભવનવાસીમાં ઉપજતો નથી. ભવનવાસી દેવમાંથી બહાર નીકળેલો જીવ કર્મભૂમિનો મનુષ્ય કે તિર્યંચ થાય છે. મનુષ્યમાં તેનો '**શલાકા પુરુષ**' તરીકેનો અવતાર હોતો નથી. તિર્યંચમાં અસંજ્ઞી પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય કે નિગોદનો અવતાર હોતો નથી. પણ સંજ્ઞી પશુનો હોય છે અને કોઇક કિસ્સામાં પ્રત્યેક કાયના સ્થાવરનો હોય છે.

**ભવનવાસી દેવમાં ઉપજવાનું કારણ :** મિથ્યાદષ્ટિ, શંકાથી યુક્ત, અજ્ઞાન સહિતના ચારિત્રને ધારણ કરનારો, કલહપ્રિય, અવિનયી, દેવ-ગુરુની *અવહેલના* કરવાવાળો, કુમાર્ગગામી અને કુતપ કરનારા તાપસી વગેરે ભવનવાસી દેવમાં જન્મે છે.

**સમ્યક્ત્વનો અધિકાર :** સમ્યગ્દષ્ટિ જીવ ભવનવાસી દેવમાં ઉપજતો નથી. પણ પૂર્વે મનુષ્યભવમાં સમ્યક્ત્વ સંબંધી સંસ્કાર પ્રાપ્ત કરેલ હોય તેવો જીવ પૂર્વભવનું જાતિસ્મરણ, દેવઋદ્ધિદર્શન, અને ધર્મશ્રવણ જેવા નિમિત્તો પામી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે.

## ભવનવાસી દેવના કષાયજન્ય દુઃખ

सुहदुक्खं बहुसस्सं कम्मकिखत्तं कसेह जीवस्स ।
संसारगदी मेरं तेण कसाओ ति णं विंति ।।

**ભાવાર્થ :** કર્મરૂપી ખેતરની ખેતી કરાવવાળા જીવના ભાવને કષાય કહે છે આ કષાયભાવ ઘણાં પ્રકારના સાંસારિક સુખ-દુઃખને આપનારી સંસારની ચારગતિનું ભ્રમણ કરાવે છે.

(પંચ સંગ્રહ : પ્રાકૃત : અધિકાર ૧, ગાથા ૧૦૯)

સંસારની ચારગતિના ભ્રમણનાં કારણભૂત પૌદ્ગલિકકર્મની કૃષિ કરાવે તે કષાય છે. કષાયના કારણે પૌદ્ગલિકકર્મનું બંધન અને પૌદ્ગલિકકર્મનાં બંધનનાં કારણે સંસારની ચારગતિનું ભ્રમણ હોય છે.

બીજી રીતે જોઇએ તો કષાય શબ્દ એ કષ અને આય એવા બે પદોનો બનેલો છે. કષ એટલે સંસાર અને આય એટલે લાભ થાય છે. તેથી જેનાથી સંસારનો લાભ એટલે કે સંસારની પ્રાપ્તિ થાય તેને કષાય કહે છે. આ રીતે પણ સંસારની ચારગતિના ભ્રમણનું કારણ કષાય છે.

ત્રીજી રીતે જોઇએ તો આત્માના ચારિત્રગુણને જે કષે છે એટલે કે ઘાતે છે. અને તેથી ઉત્પન્ન થતી ચારિત્ર ગુણની કલુષિત દશાને કષાય કહે છે. આ રીતે પણ કષાય એ સંસારની ચારગતિના ભ્રમણનું જ કારણ છે.


ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાય છે. તથા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદ એ નવ પ્રકારના *નોકષાય* છે. ચાર પ્રકારના કષાય અને નવ પ્રકારના નોકષાય મળીને કુલ તેર પ્રકારના કષાય છે.

ભવનવાસી દેવોનો કષાય મંદ નથી તેથી તેમને મુખ્યપણે અશુભલેશ્યા જ પ્રવર્તે છે. આ દેવો પુણ્યશાળી અને દૈવી શક્તિ ધરાવનારા છે. પણ ઘણાં કષાયને કારણે તેમનો ઉપયોગ ઘણો ચંચળ છે અને પોતાને પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રી અને શક્તિનો ઉપયોગ કષાય અનુસારના કાર્યો કરવા માટે કરે છે. કષાય અને કષાય અનુસારના કાર્યોના કારણે આ દેવો ઘણાં દુઃખી છે. તેમના કષાયજન્ય દુઃખ આ પ્રકારે છે—

૧. ક્રોધ કષાયના કારણે થતું દુઃખ
૨. માન કષાયના કારણે થતું દુઃખ
૩. માયા કષાયના કારણે થતું દુઃખ
૪. લોભ કષાયના કારણે થતું દુઃખ
૫. હાસ્ય નોકષાયના કારણે થતું દુઃખ
૬. રતિ નોકષાયના કારણે થતું દુઃખ
૭. અરતિ નોકષાયના કારણે થતું દુઃખ
૮. શોક નોકષાયના કારણે થતું દુઃખ
૯. ભય નોકષાયના કારણે થતું દુઃખ
૧૦. જુગુપ્સા નોકષાયના કારણે થતું દુઃખ
૧૧,૧૨,૧૩. સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ નોકષાયના કારણે થતું દુઃખ

### ૧. ક્રોધ કષાયના કારણે થતું દુઃખ

**બીજાનું બૂરું કરવાની ભાવનાને ક્રોધ કષાય કહે છે.**



સર્પ જેવા ક્રોધી જીવ બીજાનું બૂરું કરવાની ભાવના રાખે છે. બીજાનું બૂરું થાય કે ન થાય પરંતુ ક્રોધ કષાયના કારણે પોતાનું બૂરું તો અવશ્ય થાય જ છે. ક્રોધના કારણે ક્રોધી જીવનું શરીર ધ્રૂજે છે, લોહી ઉકળે છે, આંખ લાલ થઇ જાય છે, હોઠ ફફડે છે, શ્વાસની ગતિ વધી જાય છે અને તે વિવેક શૂન્ય બની જાય છે આમ ક્રોધના કારણે આત્માનો શાંત સ્વભાવ અશાંત થઇ જતો હોવાથી તે દુઃખનું કારણ છે.

ભવનવાસી દેવને ક્રોધ ઘણો છે. ભવનવાસી દેવ ક્રોધના કારણે પોતાના દુશ્મન દેવનું બૂરું કરવા `તલપાપડ હોય છે. ક્રોધના કારણે અંતરંગમાં ઘણા સંતાપવાન ભવનવાસી દેવ મહાદુઃખી જાણવા.

### ૨. માન કષાયના કારણે થતું દુઃખ

**પોતાને ઊંચો અને બીજાને નીચો દર્શાવવાની ભાવનાને માન કષાય કહે છે.**



હાથી જેવા માની જીવ બીજાને નીચો કરવાની ભાવના રાખે છે. બીજો નીચો થાય કે ન થાય પરંતુ માન કષાયના કારણે પોતે તો નીચો અવશ્ય થાય જ છે. માનનાં કારણે માની જીવ પોતાની પ્રશંસા અને બીજાની નિંદા કરે છે. પોતાનું માન વધારવા માટે પોતાની શક્તિ અને સંપત્તિને ખર્ચી નાંખે છે. માનનો ઉદય હોય ત્યારે કોઇ પૂજ્ય પુરુષનું સન્માન કરવામાં પણ નાનપ અનુભવે છે. આમ માનનાં કારણે આત્માના નિરાભિમાની સ્વભાવનો ઘાત થઇ જતો હોવાથી તે દુઃખનું કારણ છે.

ભવનવાસી દેવમાં માન કષાય મોટો છે. માનનાં કારણે તેઓમાં ઈર્ષ્યા હોય છે. નીચી કક્ષાના દેવ ઊંચી કક્ષાના દેવની ઈર્ષ્યા કરે છે. ઊંચી કક્ષાના દેવ ઇન્દ્રની ઈર્ષ્યા કરે છે અને ભવનવાસી ઇન્દ્ર પોતાથી ઊંચા ઇન્દ્ર અને તેની વિભૂતિ જોઇ પોતાના સ્વભાવથી જ બળતા રહે છે. માનના કારણે અંતરંગમાં બળી રહેલા ભવનવાસી દેવ મહાદુઃખી જાણવા.

### ૩. માયા કષાયના કારણે થતું દુઃખ

**બીજાને છેતરીને પોતાનું કાર્ય સિદ્ધ કરવાની ભાવનાને માયા કષાય કહે છે.**




બગલા જેવા માયાચારી જીવ બીજાને છેતરવાની ભાવના રાખે છે. બીજો છેતરાઇ કે ન છેતરાય પરંતુ માયા કષાયના કારણે પોતે તો અવશ્ય છેતરાઇ જ છે. માયાના કારણે માયાચારી જીવ પોતાની એક છેતરપીંડીને ઢાંકવા બીજી અનેક છેતરપીંડી કરે છે. તે માટે પોતાની શરીરની પણ કપટમય અવસ્થા કરે છે. તેમ છતાં આવા જીવને પોતાની માયા ઉઘાડી થવાનો ભય સતત સતાવ્યા કરે છે. તેથી આવો જીવ હંમેશાં ભયાક્રાંત અને સશંક રહ્યા કરે છે આમ માયાના કારણે આત્માના સરળ સ્વભાવમાં વક્રતા કે વિરૂપતા થતી હોવાથી તે દુઃખરૂપ છે.

ભવનવાસી દેવને માયાની વિપુલતા છે. માયાના કારણે તેઓ પોતાથી મોટા દેવ કે ઇન્દ્ર સાથે પણ છળ-પ્રપંચ કરતા અચકાતા નથી. છળ-પ્રપંચ કરતાં પણ કાર્યસિદ્ધિ ન થાય તો બીજા અનેક કુટિલ ઉપાયો વિચારે છે અને કપટયુક્ત અસત્ય વચનો કહે છે. માયાના કારણે પોતાના આત્માને છેતરતા ભવનવાસી દેવ મહાદુઃખી જાણવા.

### ૪. લોભ કષાયના કારણે થતું દુઃખ

**ઈષ્ટ સામગ્રીના બાહ્ય પરિગ્રહને પ્રાપ્ત કરવાની, તેને વધારવાની અને તેની સુરક્ષાની ભાવનાને લોભ કષાય કહે છે.**



ઊંદર જેવા લોભી જીવ બાહ્ય પૌદ્‌ગલિક સામગ્રીના પરિગ્રહને પ્રાપ્ત કરવાની ભાવના રાખે છે. બાહ્ય પરિગ્રહ મળે કે ન મળે પરંતુ લોભ કષાયના કારણે લોભી જીવ પોતાના આત્માના અનંત ગુણોરૂપ આંતરિક આત્મિક પરિગ્રહને ખોઇ બેસે છે. લોભી જીવ ધન-ધાન્ય, સોનું-ચાંદી જેવા બાહ્ય પૌદ્‌ગલિક પરિગ્રહની પ્રાપ્તિ, વૃદ્ધિ અને રક્ષા માટે પોતાની જાત ઘસી નાંખે છે. પણ તે તે સામગ્રીને ભોગવી પણ શકતો નથી. કેમકે, આ સામગ્રીના ભોગવટામાં પણ તેનો લોભ જ તેને આડો આવે છે. તેથી જ કહ્યું છે કે, લોભીયાનું ધન ધૂતારા ખાય. આ લોભના કારણે

આત્માના પવિત્ર ગુણોનો નાશ થતો હોવાથી તે દુઃખરૂપ છે.

ભવનવાસી દેવને ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય પૈકી લોભ કષાયની મુખ્યતા છે. આ દેવો પોતાને પ્રાપ્ત વિષય સામગ્રીની રક્ષા કરી, તેને વધારવાની ચિંતામાં લીન રહે છે. લોભના કારણે પોતાના આત્માના પવિત્ર સ્વભાવનો ઘાત કરતાં ભવનવાસી દેવ મહાદુઃખી જાણવા.

### ૫. હાસ્ય નોકષાયના કારણે થતું દુઃખ



**પ્રફુલ્લિત રહેવાની ભાવનાને હાસ્ય નોકષાય કહે છે.**

હાસ્ય નોકષાય ધરાવતો જીવ પોતાનો ચહેરો વિકસિત રાખવાની ભાવના રાખે છે. હાસ્યનાં કારણે પોતાનો ચહેરો વિકસિત બને કે ન બને પણ પોતાના આત્માનું દુઃખ તો વિકસિત થાય જ છે. કેમ કે, હાસ્યના કારણે આત્માના સ્વભાવિક સુખનો ઘાત થઇ દુઃખની જ ઉત્પત્તિ થાય છે.

હાસ્ય એક કષાય હોવાથી દુઃખરૂપ છે. ભગવાનને કષાય નથી તેથી હાસ્ય પણ હોતું નથી. મનુષ્ય પોતાની હાસ્યવૃત્તિ પોષવા માટે કુતૂહલતા કે ક્રૂરતા ધરાવનારી પરપીડનની પ્રવૃત્તિ કરે છે અને તેથી તે કૂકડા લડાવવા, સાપ-નોળીયાની લડાઇ કરાવવી, આખલા સાથેના યુદ્ધની રમત કરવી વગેરે જેવી પરપીડનની પ્રવૃત્તિ વડે પોતે આનંદ મનાવે છે. ભવનવાસી દેવના અસુરકુમાર જાતિના અંબ,અંબરિષ વગેરે પ્રકારના દેવ પહેલી, બીજી અને ત્રીજી નરક સુધી જઇ ત્યાંના તીવ્ર દુઃખી નારકીઓને તેમના પૂર્વભવના વૈરીનો પરિચય કરાવી એકબીજાને લડાવી મારી પોતે હર્ષ મનાવે છે.



**પ્રશ્ન :** ભવનવાસી દેવ નારકીઓને લડાવી હર્ષ મનાવે તો તે તેનું સુખ કહેવાય. તો આ તેમનાં દુઃખ બતાવવાના પ્રકરણમાં તમો તેના સુખને કાં બતાવો ?

**ઉત્તર :** હાસ્ય એક કષાય છે અને તેથી તે દુઃખરૂપ છે. જો તે સુખરૂપ હોય તો અરિહંત ભગવાનને પણ હાસ્ય હોવું જોઇએ પણ તે તેમને હોતું નથી. પરપદાર્થમાં કર્તૃત્વબુદ્ધિપૂર્વક ઇષ્ટ કલ્પના કરવી તે પોતાના સ્વભાવનો જ ઘાત અને તેથી થતી આકુળતા હોવાથી તે દુઃખનું જ વેદન છે. અજ્ઞાની જીવ પોતે દુઃખી હોવા છતાં કોઇ પ્રકારની જૂઠી કલ્પના વડે પોતાને સુહાવતું કાર્ય માની સુખ માને છે. પણ વાસ્તવિકપણે તો એ દુઃખ જ છે.

**પ્રશ્ન :** તો શું આ દેવો દુઃખી થવા માટે નરકમાં જતા હશે ?

**ઉત્તર :** પોતાની હાસ્યવૃત્તિને સંતોષવા તેઓ નરકમાં જાય છે અને પોતાની ઇચ્છા પ્રમાણે નારકીઓને લડતા જોઇને પોતાની કુતૂહલતા અને ક્રૂરતાને પોષે છે. આવી પરપીડનની પ્રવૃત્તિમાં પોતાના કષાય અનુસારનું કાર્ય જાણી પોતે સુખ માને છે. પણ કષાયભાવ પોતે જ દુઃખરૂપ છે. જીવ પોતાના દુઃખને જ પોતાનું સુખ માને તે તેનું અજ્ઞાન છે તેથી આ દેવોનું હાસ્ય પણ એક દુઃખ જ જાણવું.

**પ્રશ્ન :** શું કોઇ દુઃખી જીવ હસતો દેખાય ?

**ઉત્તર :** કોઇને ડબલ ન્યુમોનિયા થયો હોય અને તેમાંથી વાત, પિત્ત અને કફ વકરી જતાં થતાં ત્રિદોષને કારણે સન્નિપાત લાગુ પડે છે. દુષિત વાત, પિત્ત અને કફ એ ત્રણેયનું એકઠું થવું તે સન્નિપાત છે. આ સન્નિપાતનો રોગી બહારમાં તો ઘણું હસતો દેખાતો હોવા છતાં અંદરમાં તો દર્દ ઘણું હોવાથી તે દુઃખી છે. તેમ આ અજ્ઞાની દેવને મિથ્યાત્વ અને મોહનો ડબલ ન્યુમોનિયા થયો હોવાથી અને તેમાંથી પરપદાર્થમાં સુખબુદ્ધિ, એકત્વબુદ્ધિ અને પરમાં એકાગ્રતારૂપ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિદોષને કારણે હરખનો સન્નિપાત લાગુ પડેલ છે. બહારમાં તે હસતો દેખાતો હોવા છતાં અંદરમાં તો કષાય ઘણો હોવાથી તે દુઃખી છે.

આ જ પ્રમાણે કોઇને હાસ્યવાયુ તરીકે ઓળખાતો નાઇટ્રસ ઓકસાઇડ વાયુ (N,O) સૂંઘાડવામાં આવે તો તેના ચેતાતંત્ર પર અસર થાય છે અને અંદરમાં તે ભાન ભૂલતો જતો હોવાથી જૂઠી કલ્પના વડે હસવા લાગે છે. તે જ પ્રમાણે આ જીવે મોહરૂપી હાસ્યવાયુ સૂંઘ્યો હોવાને કારણે તેની વિવેકબુદ્ધિ કુંઠિત થઇ ગઇ

હોવાથી જૂઠી કલ્પનાથી તે હસે છે. પણ અંદરમાં તો કષાયભાવ હોવાથી તે દુઃખી જ છે.

ભવનવાસી દેવને નોકષાયમાં હાસ્ય નોકષાયની મુખ્યતા છે. તેઓ હાસ્ય માટે નારકીઓને લડાવવા જેવી પરપીડનની પ્રવૃત્તિ કરે છે. ભવનવાસી દેવ હાસ્ય નોકષાયના કારણે અંતરંગમાં પોતાના આનંદ સ્વભાવના ઘાતથી થતી આકૂળતાને જ અનુભવતા હોવાથી તેઓ દુઃખી જાણવા.

### ૬. રતિ નોકષાયના કારણે થતું દુઃખ

**ઈષ્ટ વિષયમાં આસક્તિને રતિ નોકષાય કહે છે.**



રતિ નોકષાય ધરાવનારો જીવ જ્યારે ઈષ્ટ વિષયમાં આસક્તિ કે પ્રેમ ધરાવે છે ત્યારે તે પોતાના આત્માના વિષયમાં તો અનાસક્તિ કે નફરત જ દર્શાવે છે. તેથી અન્ય વિષયની આસક્તિને કારણે થતું રતિજન્ય સુખ થાય કે ન થાય પરંતુ આત્માના વિષયની આસક્તિના અભાવના કારણે થતું આત્મિક સુખનો અભાવ તો જરૂર થાય જ છે. રતિના કારણે રતિવંત જીવ ઈષ્ટ વિષયના સંયોગમાં ગમાની લાગણી અનુભવે છે. પણ આ ઈષ્ટ વિષયનો સંયોગ તેના વિયોગના અભિપ્રાય સહિતનો હોય છે. તે સંયોગ હોય ત્યારે પણ તેના તરફનો પ્રેમ એ આત્મા તરફના પ્રેમના અભાવનો જ સૂચક છે તેથી તે આત્મિક અતીન્દ્રિય આનંદનો અભાવ જ બતાવે છે અને તેથી તે પરમાર્થે દુઃખ છે. વળી કોઈપણ કષાય આત્માના દુઃખનું કારણ હોવાથી રતિ કષાય પણ દુઃખનું જ કારણ છે.

ભવનવાસી દેવને રતિ નોકષાય હોય છે. રતિ કષાયના કારણે તેઓ પોતાની દેવી જેવી ઈષ્ટ વિષયોમાં અત્યંત આસક્તિ રાખે છે. અન્ય વિષયની આસક્તિ આત્મા તરફની આસક્તિના અભાવને બતાવે છે. જે રતિ કષાયના કારણે થતા આત્મિક સુખના અભાવને અને દુઃખના સદ્ભાવને જ સૂચવે છે. આથી રતિ નોકષાયના કારણે પણ ભવનવાસી દેવને દુઃખી જાણવા.

### ૭. અરતિ નોકષાયના કારણે થતું દુઃખ

**અનિષ્ટ વિષય પ્રત્યેના અણગમાને અરતિ નોકષાય કહે છે.**



બહારનો કોઇ વિષય ઈષ્ટ કે અનિષ્ટ ન હોવા છતાં તેને ઈષ્ટ કે અનિષ્ટ માનવું તે આત્માનું અજ્ઞાન છે. અરતિ નોકષાયનો ઉદય ધરાવનારો જીવ અનિષ્ટ વિષયમાં અણગમો રાખનારો હોવાથી તે અરતિભાવ પોતે જ દુઃખરૂપ છે. વળી અરતિભાવના કારણભૂત બાહ્ય વિષય અનિષ્ટ હોય કે ન હોય પણ તે અરતિભાવ પોતે જ એક પ્રકારનો કષાય હોવાથી આત્માને માટે અનિષ્ટ છે. આ અરતિભાવ આત્માના ઈષ્ટ આનંદનો અટકાવનારો હોવાથી તે અનિષ્ટ અને દુઃખરૂપ છે.

ભવનવાસી દેવમાં અરતિ નોકષાયની ગૌણતા છે. તોપણ ક્યારેક અરતિના કારણભૂત અનિષ્ટ વિષયનો સંયોગ થાય તો તેને દૂર કરવા માટે તે તરફડે છે અને આકૂળ-વ્યાકૂળ થાય છે. તેથી અરતિ કષાયના કારણે પણ ભવનવાસી દેવ દુઃખી જાણવા.

### ૮. શોક નોકષાયના કારણે થતું દુઃખ

**અનિષ્ટ પ્રસંગે થતી દિલગીરીને શોક નોકષાય કહે છે.**



બહારના પ્રસંગમાં અનિષ્ટપણું માની દિલગીર થવું તે આત્માનું અજ્ઞાન છે. શોક નોકષાય ધરાવનારો શોકગ્રસ્ત જીવ અનિષ્ટ પ્રસંગમાં દિલગીરી રાખનારો હોવાથી તે શોકભાવ પોતે જ દુઃખરૂપ છે. વળી શોકભાવના કારણભૂત બાહ્ય પ્રસંગ અનિષ્ટ હોય કે ન હોય પણ તે શોકભાવ પોતે જ એક કષાય હોવાથી આત્માને માટે અનિષ્ટ છે. આ શોકભાવ આત્માના અશોકમય આનંદ સ્વભાવને રૂંધનારો હોવાથી તે દુઃખ રૂપ છે.

ભવનવાસી દેવમાં શોક નોકષાયની ગૌણતા છે. તેમ છતાં જ્યારે મંદારમાળા કરમાઇ જાય તેવા અનિષ્ટ

પ્રસંગે પોક મૂકીને રડે છે, પોકાર કરે છે અને ખૂબ જ દુઃખી થાય છે. તેથી આ પ્રકારના શોકના કારણે ભવનવાસી દેવને દુઃખી જાણવા.

### ૯. ભય નોકષાયના કારણે થતું દુઃખ




**અગુપ્તિ, અરક્ષા, અકસ્માત જેવી અનિષ્ટ બાબતોનો પ્રસંગ બનતો જાણી થતાં ડર કે બીકને ભય નોકષાય કહે છે.**

બાહ્ય કોઇ બાબતનો પ્રસંગ અનિષ્ટ અને તેથી ભયનું કારણ માનવું તે આત્માનું અજ્ઞાન છે. ભય નોકષાયનો ઉદય ધરાવતો ભયગ્રસ્ત જીવ અનિષ્ટ બાબતના પ્રસંગથી ભય પામતો હોવાથી તે ભયભાવ પોતે જ દુઃખરૂપ છે. વળી ભયભાવના કારણભૂત કોઇ બાહ્ય બાબતનો પ્રસંગ અનિષ્ટ હોય કે ન હોય તોપણ તે ભયભાવ પોતે જ એક કષાય હોવાથી આત્માને અનિષ્ટ છે. આ ભયભાવ આત્માના નિર્ભય આનંદ સ્વભાવની પ્રગટતામાં બાધારૂપ હોવાથી તે દુઃખરૂપ છે.

ભવનવાસી દેવમાં ભય નોકષાયની ગૌણતા છે. તેમ છતાં મરણનો પ્રસંગ નજીક આવી જાણી મરણના ભયથી તે ડરે છે, ધ્રૂજે છે, ફફડે છે. તેથી તે પ્રત્યક્ષપણે દુઃખરૂપ છે. તેથી કોઇ વખત થતા ભયના કારણે પણ ભવનવાસી દેવ દુઃખી જાણવો.

### ૧૦. જુગુપ્સા નોકષાયના કારણે થતું દુઃખ



**અનિષ્ટ પદાર્થ પ્રત્યે દુર્ગંછા, ગ્લાનિ કે ખેદને જુગુપ્સા નોકષાય કહે છે.**

બહારનો કોઇ પદાર્થ જુગુપ્સાપ્રેરક અનિષ્ટ ન હોવા છતાં તેને અનિષ્ટ માનવો તે અજ્ઞાન છે. જુગુપ્સા નોકષાયનો ઉદય અજ્ઞાની જીવને અનિષ્ટ પદાર્થ પ્રત્યે જુગુપ્સા રાખનારો હોવાથી તે જુગુપ્સાભાવ પોતે જ દુઃખરૂપ છે. વળી જુગુપ્સાભાવના કારણભૂત બાહ્ય પદાર્થ અનિષ્ટ હોય કે ન હોય પરંતુ જુગુપ્સાભાવ પોતે જ આત્માને અનિષ્ટ છે. આ જુગુપ્સાભાવ આત્માના અખેદ સ્વભાવની પ્રગટતામાં બાધારૂપ હોવાથી તે દુઃખરૂપ છે.

ભવનવાસી દેવમાં જુગુપ્સા નોકષાયની ગૌણતા છે. તેમ છતાં ક્યારેક નરકની ભયંકર દુર્ગંધ જોઇને તે ગ્લાનિ અનુભવે છે. આ પ્રકારના કદાચિત્ થતા જુગુપ્સાના ભાવના કારણે ભવનવાસી દેવને દુઃખી જાણવો.

### ૧૧, ૧૨, ૧૩. સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ નોકષાયના કારણે થતું દુઃખ



**સ્ત્રીને પુરુષ સાથે રમવાનો કામભાવ તે સ્ત્રીવેદ નોકષાય; પુરુષને સ્ત્રી સાથે રમવાનો કામભાવ તે પુરુષવેદ નોકષાય અને સ્ત્રી-પુરુષ બંને સાથે રમવાનો કામભાવ તે નપુંસકવેદ નોકષાય છે.**

સામાન્ય રીતે સ્ત્રીલિંગ ધરાવતી સ્ત્રીને સ્ત્રીવેદનો, પુરુષલિંગ ધરાવતા પુરુષને પુરુષવેદનો અને નપુંસકલિંગ ધરાવતા નપુંસકને નપુંસકવેદનો ઉદય હોય છે. વેદ નોકષાયના ઉદયના કારણે કામપીડા ઉત્પન્ન થાય છે અને કામક્રીડામાં આનંદ માનવામાં આવે છે. કામક્રીડામાં આનંદ માનવો તે અજ્ઞાન છે. વેદ કષાયના કારણે ઉત્પન્ન થતો કામભાવ જીવને નિર્લજ્જ બનાવે છે. કામપીડાથી પીડાતો જીવ કામક્રીડા માટે પોતાની સમગ્ર શક્તિ અને સંપત્તિને ખર્ચી નાખે છે. કામભાવના કારણે થતાં કામજ્વરના કારણે કોઇ વાર મરણ પણ થાય છે. તેથી વેદ કષાય પ્રત્યક્ષપણે દુઃખદાયક છે.

ભવનવાસી દેવમાં વેદકષાયથી ઉત્પન્ન થતી કામવાસના હોય છે. તેથી તેઓમાં વીર્ય સ્ખલનનો સંબંધ ન હોવા છતાં પણ મનુષ્યની જેમ શરીરથી સમાગમ કરી કામક્રીડા કરે છે અને તે રીતે પોતાની વેદ નોકષાયની ' ઉદીરણા શાંત કરે છે. તેથી ભવનવાસી દેવનાં શરીરમાં શિથિલતા, ચિતમાં મોહ, હૃદયમાં સંતાપ અને ભાવમાં લાલસા ઉત્પન્ન થાય છે. તેથી વેદ નોકષાયના કારણે પણ તેઓ દુઃખી જાણવા.

## કષાયજન્ય દુઃખ ટાળવાનો ઉપાય


કષાય ઉત્પન્ન થયા પછી તે અનુસાર કાર્ય કરવાથી કષાયજન્ય દુઃખ ટળતું નથી પણ વધે છે. તેથી કષાય જ ઉત્પન્ન ન થાય તેવો ઉપાય કરવો જોઇએ. સૌ પ્રથમ અનંતાનુબંધી કષાયના અભાવનો ઉપાય કરવો જોઇએ. અનંતાનુબંધી કષાયનો અભાવ કરવા માટે મિથ્યાત્વને મટાડવું જરૂરી છે.

ભવનવાસી દેવમાં કષાયજન્ય દુઃખની મુખ્યતા છે.

બધાં દુઃખનું મૂળ મિથ્યાત્વ છે. અને આ મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ સાધવાનું સાધન મનુષ્યજીવનમાં છે. મનુષ્યજીવનમાં સમ્યક્ત્વ-સન્મુખતાના ગાઢ સંસ્કાર નાખી દેવ થયેલો જીવ પૂર્વના મનુષ્યજીવનનાં સંસ્કારોના બળે સમ્યક્ત્વ સાધી શકે છે. તેથી વર્તમાન મનુષ્ય જીવનનો સદુપયોગ સમ્યક્ત્વની સાધનામાં કરવો એ જ કર્તવ્ય છે.

## ઉપસંહાર

**નિમ્ન પ્રકારના પુણ્યનાં ફળમાં લોકના નિમ્ન ભાગમાં આવેલ ભવનોમાં રહેતા દેવગતિના નિમ્ન પ્રકારના દેવને ભવનવાસી દેવ કહે છે.**



સઘળાં પ્રકારના સંસારી જીવને સઘળાં પ્રકારનું દુઃખ હોય છે. તેથી ભવનવાસી દેવને પણ બધાં પ્રકારનું દુઃખ છે. પણ તેમાં કષાયજન્ય દુઃખની મુખ્યતા છે. જીવના ક્રોધાદિ વિભાવને કષાય કહે છે. ક્રોધાદિ કષાયના કારણે આત્માના અકષાયી નિરાકુળ સ્વભાવનો ઘાત થઇ કષાયજન્ય આકુળતામય વિભાવની ઉત્પત્તિ થાય છે. તેથી આ ક્રોધાદિ કષાય આત્માને અત્યંત દુઃખદાયી છે.

જીવ જેટલો પ્રયત્ન ક્રોધાદિ કષાય અનુસારના કાર્ય કરવા માટે કરે છે તેટલો જ પ્રયત્ન જો આત્માની પ્રાપ્તિ માટે કરે તો આત્માનું અનાદિનું અજ્ઞાન અને તેના કારણે થતું દુઃખ ટળી જાય અને પૂર્વે ક્યારેય નહિ પ્રગટ કરેલ આત્માનો અતીન્દ્રિય આનંદનો અવસર પ્રગટ થાય, પણ આવા અપૂર્વ અવસર માટે પોતે પોતાના ક્રોધ-માન-માયા-લોભ જેવા કષાય અનુસારની પ્રવૃત્તિ પારમાર્થિક હેતુ માટે કરવી જોઇએ. તે આ રીતે-

ક્રોધ અનુસાર કાર્ય કરવામાં દુશ્મન પ્રત્યે ક્રોધ કરી તેનું નિકંદન કાઢવાને બદલે પોતાના ક્રોધાદિ વિકારીભાવો પ્રત્યે જ ક્રોધ કરી તેનો જડમૂળથી નાશ કરવો જોઇએ.

માનની બાબતની બાહ્ય ધનાદિ પરિગ્રહથી પોતાની મહત્તા માનવાને બદલે અંતરંગ આત્મામાં અનંત ગુણોનો પરિગ્રહ મોજૂદ છે, તેનાથી પોતાની મહત્તા માનવી જોઈએ. અંદરમાં આ પ્રકારના અનંત ગુણોથી પોતાની મહત્તા માનવાની સાથે બહારમાં આવા ગુણો પ્રગટ કરનાર વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે વિનય, નમ્રતાદિના દીનભાવમાં જ પોતાની મહત્તા માનવી જોઈએ.

માયા માટે લૌકિક બાબતને છાની રાખી માયાચાર કરવાને બદલે પોતાના પારમાર્થિક ગુણોને ગોપવવારૂપ માયાચાર કરવો જોઇએ.

લોભના કાર્યમાં સત્કાર્યમાં પૈસા ખર્ચવાનો લોભ કરવાને બદલે લોભ કષાય જ ઓછો થાય તેવો લોભ કરવો જોઇએ.

જો આ પ્રમાણે ક્રોધ-માન-માયા-લોભની પ્રવૃત્તિ કષાયજન્ય સાંસારિક હેતુને બદલે અકષાયજન્ય આત્મિક હેતુને માટે કરવામાં આવશે તો તેનાં ફળમાં ક્રોધાદિ કષાયો ઉત્પન્ન થવાનાં સાક્ષાત્ કારણો હોવા છતાં તે ઉત્પન્ન નહિ થાય. આ રીતે આત્માના ક્રોધાદિ કષાયનો અભાવ થઇ અકષાયી અનાકૂળ સ્વભાવની સહજ ઉત્પત્તિ થશે અને તેથી અનાદિકાળથી પ્રગટ ન થયેલ આત્માના અતીન્દ્રિય આનંદનો અપૂર્વ અવસર પ્રગટ થશે. આ બાબતમાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે-

> બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
> વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
> દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
> લોભ નહીં છો પ્રબળ સિદ્ધિનિદાન જો
> અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

**ભાવાર્થ :** ક્રોધ ઉત્પન્ન થવાના સાક્ષાત્ કારણ સમાન નિંદા, ગાળ, હાસ્ય, અનાદર, શરીરનો ઘાત જેવા ઘણાં પ્રકારના ઉપસર્ગ કરનાર પ્રત્યે લેશમાત્ર અણગમો કે

અનુચિતરૂપ ક્રોધ ન થાય. કોઈ ચક્રવર્તી જેવો મોટો માણસ બહુમાનથી વંદન કરે તો પણ તેનાથી પોતાની મહત્તા માનવારૂપ માનનો એક અંશ પણ ઉત્પન્ન ન થાય. દેહ પ્રત્યે એવી દેહાતીન દશા હોય કે દેહના વિયોગના પ્રસંગે પણ દેહ પ્રત્યે સ્નેહ કે મમતારૂપ માયા જરા પણ ન થાય. અગીયારમાં ગુણસ્થાનવાળો જીવ પણ પોતાની કોઈ રિદ્ધિ, સિદ્ધિ કે ઐશ્વર્ય પ્રત્યે વૃત્તિ થતાં એટલે કે તે સંબંધીનો લોભ થતા પડીને પહેલે ગુણ સ્થાને આવી જાય છે. પોતાને વચનસિદ્ધિ જેવી આઠ પ્રકારની મહાન સિદ્ધિ પ્રબળપણે પ્રગટ હોય તો પણ તેનું કોઈ પણ પ્રયોજન ન ભાસે કે તેના સન્મુખ જોવાનો વિકલ્પ પણ ન આવે એટલે કે તે પ્રકારનો લોભ બિલકુલ ન થાય એ પ્રકારનો અપૂર્વ અવસર પ્રગટ થવાની ભાવના છે. (શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૩૦મું : પત્રાંક ૭૩૮ : અપૂર્વ અવસર કાવ્યની આઠમી કડી, પાનું ૫૬૪)

## ટિપ્પણ

૧. **પદાર્પણ :** માનપૂર્વકનું આગમન. • ૨. **શલાકા પુરુષ :** તીર્થંકર, ચક્રવર્તી જેવા મહાપુરુષોને શલાકા પુરુષ કહે છે. • ૩. **અવહેલના :** અવગણના, અનાદર. • ૪. **નોકષાય :** અહીં 'નો' શબ્દ ઈષત્ કે અલ્પતા સૂચક છે. જે કષાયની ગૌણતા કે અલ્પતા સૂચવે છે. જે ક્રોધાદિ કષાય જેમ વ્યક્ત ન થાય તોપણ કિંચિત્ કષાયવત્ હોય તેને નોકષાય કહે છે. • ૫. **તલપાપડ :** આતુર, અધીરાં. • ૬. **ઉદીરણા :** પૌદ્ગલિક કર્મને તેના સમયથી અગાઉ વહેલા ઉદયમાં લાવીને તેનું ફળ ભોગવવું તેને ઉદીરણા કહે છે. ભવનવાસી દેવ સત્તામાં રહેલ વેદ નોકષાય પૌદ્ગલિક કર્મને વહેલા ઉદયમાં લાવીને કામક્રીડા દ્વારા તેનું ફળ ભોગવે છે. આમ કરીને તે પોતાની વેદ નોકષાયની ઉદીરણા શાંત કરે છે.

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧. સમયસાર : ગાથા ૪૫; • ૨. સર્વાર્થસિદ્ધિ : ૪/૧/૨૬૭/૧; • ૩. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૧૮ની ટીકા; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ૧/૨ પાનું ૪૪૫.

**ભવનવાસી દેવ કોને કહે છે ?** ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧૦/૨૪૩/૨; ૩; • ૨. તત્વાર્થરાજવાર્તિક : ૪/૧૦/૧/૨૧૬/૩; ૪/૧૦/૭/૨૧૬/૨૦; • ૩. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૪, સૂત્ર ૧૦; • ૪. તિલોયપણ્ણત્તિ : અધિકાર ૩, ગાથા ૯, ૧૨૫, ૧૨૬; • ૫. ત્રિલોકસાર : ગાથા ૨૦૯; • ૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : ભવનવાસી દેવ : ૧/૩, ૪, ૫, પાનુ ૨૦૭–૮; • ૭. ત્રિલોક ભાસ્કર : પાનું ૮૨.

**ભવનવાસી દેવનું સ્વરૂપ** ૧. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય ૪, સૂત્ર ૪; • ૨. ત્રિલોકસાર : ગાથા ૨૨૦, ૨૨૩, ૨૪૦ થી ૨૪૯, ૪૫૦, ૫૫૨, ૫૫૩; • ૩. તિલોયપણ્ણત્તિ : અધિકાર ૩, ગાથા ૨૫ થી ૩૧, ૬૨, ૬૩, ૧૧૧ થી ૧૨૦, ૧૬૨ થી ૧૬૯, અધિકાર ૮ : ગાથા ૫૯૮, ૫૯૯; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૩ : ભવનવાસી દેવ : પાનુ ૨૦૮, ૨૦૯; • ૫. ત્રિલોકભાસ્કર : પાનું ૮૧ થી ૯૯.

**ભવનવાસી દેવના કષાયજન્ય દુઃખ** ૧. પંચસંગ્રહ : પ્રાકૃત : અધિકાર ૧, ગાથા ૧૦૯; • ૨. ધવલ : ૧/૧, ૧, ૪/૧૪૧/૫; ૬/૧, ૯–૧, ૨૩/૪૧/૩; ૭/૨,૧,૩/૭/૧; ૬/૧,૯,૧, ૨૩/૪૧/૪; ૧૨/૪, ૨૮૮/૨૮૩/૬; • ૩. ચારિત્રસાર : પાનુ ૮૮ પંક્તિ ૬; પાનુ ૮૯ પંક્તિ ૧; • ૪. તત્ત્વાર્થરાજવાર્તિક : ૨/૬/૨/૧૦૮/૨૮; ૬/૪/૨/૫૦૮/૮; ૮/૯/૪/૫૭૪/૧૬; • ૫. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૧૦૭૭, ૧૧૩૫; • ૬. અમિતગતિકૃત યોગસાર : ૯/૪૦; • ૭. કષાયપાહુડ : ૧/૧, ૧૩–૧૪/ પ્રકરણ ૨૮૭/૩૨૨/૧; • ૮. ષટ્ખંડાગમ : ૧/૧૧/ સૂત્ર ૧૧૧/૩૪૮; • ૯. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૮, સૂત્ર ૯; • ૧૦. જૈ. સિ. કોશ : ભાગ ૨ : કષાય : ૧/૧, ૨ પાનુ ૩૫; ક્રોધ : પાનું ૧૭૫; • ૧૧. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૨ : ચારિત્ર મોહજન્ય અવસ્થા પાનુ ૪૨ થી ૪૬; અધિકાર ૩ : ચારિત્ર મોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું : પાનુ ૫૯ થી ૬૧.

**ઉપસંહાર** ૧. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૩૦મું, પત્રાંક ૭૩૮, અપૂર્વ અવસર કાવ્યની સાતમી અને આઠમી કડી, પાનું ૫૬૪.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. ક્યા કર્મનું ફળ આત્માને દુઃખરૂપ હોય છે ?** ૧. ☐
A. બધાં જ કર્મનું ફળ B. મિથ્યાત્વકર્મનું ફળ
C. પાપકર્મનું ફળ D. ઘાતિકર્મનું ફળ

**૨. ભવનવાસી દેવ 'કુમાર' તરીકે શા માટે ઓળખાય છે ?** ૨. ☐
A. તેઓ વીસ વર્ષથી નીચેના યુવાન જેવા દેખાતાં હોવાથી
B. તેમનું જીવન અને ટેવો 'કુમાર' જેવી હોવાથી
C. તેઓ કુમાર જેવા ઉછાંછળા હોવાથી
D. તેમને તે પ્રકારના નામકર્મનો ઉદય હોવાથી

**૩. ક્યા દેવ કલ્પવાસી કહેવાતા નથી ?** ૩. ☐
A. સોળમા સ્વર્ગ સુધીના વૈમાનિક દેવ
B. સોળમા સ્વર્ગથી ઉપરના વૈમાનિક દેવ
C. જ્યોતિષી દેવ
D. ભવનવાસી દેવ

**૪. નવીન જન્મેલ દેવ સૌ પ્રથમ શું કરે છે ?** ૪. ☐
A. રડે છે
B. અવધિજ્ઞાનથી પૂર્વભવનું સ્મરણ કરે છે
C. શાશ્વત જિનપ્રતિમાના દર્શન–પૂજન કરે છે
D. પોતાની દેવીને મળે છે

**૫. ભવનવાસી દેવના ભવનની ઊંચાઇ કેટલી હોય છે ?** ૫. ☐
A. ભવનના વિસ્તાર જેટલી
B. એકસો યોજન
C. બસો યોજન
D. ત્રણસો યોજન

**૬. ભવનવાસી દેવનું જઘન્ય આયુષ્ય કેટલું ?** ૬. ☐
A. એક સાગર B. ત્રણ પલ્ય
C. ત્રણ કરોડ વર્ષ D. દશ હજાર વર્ષ

**૭. ભવનવાસી દેવની વિક્રિયા ક્યાં સુધીની હોય શકે છે ?** ૭. ☐
A. સંપૂર્ણ લોક સુધીની
B. સમગ્ર ત્રસનાલી સુધીની
C. પોતાના અવધિજ્ઞાનના ક્ષેત્ર સુધીની
D. મેરુપર્વતની ટોચ સુધીની

૮. ભવનવાસી દેવમાંથી બહાર નીકળેલો જીવ ક્યાં ઉપજે છે ? ૮. ☐
A. ભોગભૂમિના મનુષ્ય કે પશુમાં
B. કર્મભૂમિના મનુષ્ય કે પશુમાં
C. નિગોદમાં D. વિકલેન્દ્રિયમાં

૯. ક્યો જીવ ભવનવાસી દેવમાં ઉપજતો નથી ? ૯. ☐
A. સમ્યક્ત્વના સંસ્કાર ધરાવનારો
B. સમ્યગ્દૃષ્ટિ
C.દેવ–ગુરુની અવહેલના કરનારો
D. કુતપ કરનારો તાપસી

૧૦. ભવનવાસી દેવમાં સમ્યક્ત્વનો અધિકારી કોણ ? ૧૦. ☐
A. પૂર્વે મનુષ્યભવમાં સમ્યક્ત્વ સંબંધી સંસ્કાર પ્રાપ્ત કરેલ હોય તેવો દેવ
B. પૂર્વભવનું જાતિ સ્મરણ જ્ઞાન ધરાવનારો દેવ
C. જિનબિંબ દર્શન કરનારો દેવ
D. ધર્મશ્રવણનું નિમિત્ત પામનારો દેવ

૧૧. સંસારની ચારગતિના ભ્રમણનું કારણ શું છે ? ૧૧. ☐
A. સંસારી જીવનો કષાય
B. પૌદ્‌ગલિકકર્મનો ઉદય
C. વર્તમાનમાં મોક્ષનો અભાવ
D. પંચમકાળનો પ્રભાવ

૧૨. ભવનવાસી દેવનો કષાય કેવો છે ? ૧૨. ☐
A. મંદ છે B. મંદ નથી
C. મંદતર છે D. મંદતમ છે

૧૩. ક્રોધના કારણે શું થાય ? ૧૩. ☐
A. દુશ્મનનું બૂરું થાય
B. વિવેકશૂન્ય થઈ જવાય
C. ધાર્યું કામ પાર પડે
D. પોતાની ધાક બેસે

૧૪. માનનાં કારણે ભવનવાસી દેવ ખાસ કરીને શું કરે છે? ૧૪. ☐
A. પોતાની મહત્તા વધારવા માટે પ્રયત્ન કરે છે
B. પોતાની પ્રશંસા અને બીજાની નિંદા કરે છે
C. એકબીજાની ઈર્ષ્યા કરે છે
D. પૂજ્ય પુરુષનું સન્માન કરવામાં નાનપ અનુભવે છે

૧૫. બીજાને છેતરનારાનું શું થાય ? ૧૫. ☐
A. બીજાને છેતરી પોતે અર્થલાભ પામે
B. બીજો પણ છેતરાયઅને પોતે પણ છેતરાય જાય
C. બીજો છેતરાય અને પોતે ન છેતરાય
D. પોતે જ છેતરાય જાય

૧૬. લોભીયાનું ધન કોણ ખાય ? ૧૬. ☐
A. લોભીના વારસો B. લોભી પોતે
C. સરકાર D. ધુતારા

૧૭. ભવનવાસી દેવ કોને લડાવી પોતે હર્ષ માને છે ? ૧૭. ☐
A. સર્પ અને નોળીયાને
B. કૂકડાઓને
C. નારકીઓને
D. દેવ અને દાનવોને

૧૮. રતિ નોકષાય શા માટે દુઃખરૂપ છે ? ૧૮.☐
A. તેથી ઈષ્ટ વિષયમાં આસક્તિ થાય છે
B. તેથી આત્માના આનંદનો અભાવ થાય છે
C. તેથી થતો ઈષ્ટ વિષયનો સંયોગ તેના વિયોગના અભિપ્રાય સહિતનો હોય છે
D. તેથી ઈષ્ટ વિષય પણ ગમતો નથી

૧૯. ભવનવાસી દેવને ક્યો ભય હોય છે ? ૧૯.☐
A. અગુપ્તિનો B. મરણનો
C. અકસ્માતનો D. અરક્ષાનો

૨૦. ક્રોધ જ કરવો હોય તો કોના પ્રત્યે ક્રોધ કરવો? ૨૦.☐
A. પોતના ક્રોધ સ્વભાવ પ્રત્યે
B. દુશ્મન પ્રત્યે
C. અનીતિ અને અત્યાચાર પ્રત્યે
D. ત્રાસવાદ પ્રત્યે

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. દેવોના કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા ?
૨. ભવનવાસી દેવમાં શ્વાસોચ્છ્વાસનો અંતરાલનો કાળ ક્યાંથી ક્યાં સુધીનો હોય છે ?
૩. સંસારી જીવ ત્રસ પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ જણાવો.
૪. સંસારી જીવના નરક અને દેવના ભવમાં કોના ભવ વધુ હોય છે ? કેટલા ?
૫. બધાં પ્રકારના દેવ અને નારકીમાં કોની સંખ્યા વધુ ? કેટલી?
૬. ભવનવાસી દેવ ક્યા પ્રકારના લિંગધારી છે ?
૭. ભવનવાસી દેવમાં ક્યો જીવ સમ્યગ્દર્શન પામી શકે છે ?
૮. ચાર કષાયના નામ આપો.
૯. નવ નોકષાયના નામ આપો.
૧૦. કષાયની બાબતમાં ભવનવાસી દેવ કેવા છે ?
૧૧. ક્રોધ કષાય કોને કહે છે ?
૧૨. માન કષાય કોને કહે છે ?
૧૩. માયા કષાય કોને કહે છે ?

૧૪. લોભ કષાય કોને કહે છે ?
૧૫. હાસ્ય નોકષાય કોને કહે છે ?
૧૬. રતિ નોકષાય કોને કહે છે ?
૧૭. અરતિ નોકષાય કોને કહે છે ?
૧૮. શોક નોકષાય કોને કહે છે ?
૧૯. ભય નોકષાય કોને કહે છે ?
૨૦. જુગુપ્સા નોકષાય કોને કહે છે ?
૨૧. વેદ નોકષાય કોને કહે છે ?
૨૨. જીવ જેટલો પ્રયત્ન ક્રોધાદિ કષાય અનુસારના કાર્ય કરવા માટે કરે છે તેટલો જ પ્રયત્ન આત્માની પ્રાપ્તિ માટે કરે તો શું થાય ?
૨૩. પારમાર્થિક હેતુ માટે કેવો ક્રોધ કરવો જોઇએ ?
૨૪. પારમાર્થિક પ્રયોજન માટે કેવું માન ધરાવવું જોઇએ ?
૨૫. પારમાર્થિક પ્રવૃતિ માટે કેવો માયાચાર કરવો જોઇએ ?
૨૬. આત્મિક લાભ માટે કેવો લોભ કરવો જોઇએ ?
૨૭. આત્માર્થીને કેવા પ્રકારના અપૂર્વ અવસરની ભાવના હોય છે ?

## નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. દેવો કેવા હોય છે, છતાં દુઃખી છે ?
૨. પુણ્યશાળી હોવા છતાં પણ દેવો દુઃખી છે તે બાબત સમજવી શા માટે જરૂરી છે ?
૩. ભવનવાસી દેવ કોને કહે છે ?
૪. ભવનવાસી દેવ બીજા ક્યા નામથી ઓળખાય છે ? શા માટે ?
૫. ભવનવાસી દેવના નામકર્મની અપેક્ષાએ કેટલા પ્રકાર છે ? કયાં કયાં ?
૬. ભવનવાસી દેવના કામગીરી અને પ્રવૃત્તિની અપેક્ષાએ કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા ?
૭. ભવનવાસી દેવની પર્યાપ્તિ વિશેની માહિતી આપો.
૮. ભવનવાસી દેવના આહાર વિશે જણાવો.
૯. ભવનવાસી દેવના શરીરનું સ્વરૂપ જણાવો.
૧૦. ભવનવાસી દેવના જન્મનું વર્ણન કરો.
૧૧. ભવનવાસી દેવના ભવનોનું વર્ણન કરો.
૧૨. ભવનવાસી દેવની અવગાહનાનું સ્વરૂપ જણાવો.
૧૩. ભવનવાસી દેવમાં આયુ વિષેની માહિતી આપો.
૧૪. દેવ કરતાં મનુષ્ય અવસ્થા દુર્લભ કઇ રીતે ?
૧૫. ભવનવાસી દેવના અવધિજ્ઞાનની માહિતી આપો.
૧૬. ભવનવાસી દેવને કઇ ઋદ્ધિ હોય છે ? તેનું સ્વરૂપ જણાવો.
૧૭. ભવનવાસી દેવની લેશ્યા વિશેની માહિતી આપો.
૧૮. ભવનવાસી દેવની ગતિ-આગતિ વિશે જણાવો.
૧૯. ભવનવાસી દેવમાં ઉપજવાનું કારણ જણાવો.
૨૦. ભવનવાસી દેવમાં સમ્યક્ત્વના નિમિતો વિશે જણાવો.
૨૧. કષાય કોને કહે છે ?
૨૨. ભવનવાસી દેવનો કષાય કેવો છે ? અને તેના કારણે શું થાય છે ?
૨૩. ક્રોધી જીવનું સ્વરૂપ જણાવો અને તે ક્રોધ કઇ રીતે દુઃખનું કારણ છે ?
૨૪. ભવનવાસી દેવનો ક્રોધ અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૨૫. માની જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૨૬. ભવનવાસી દેવનો માન કષાય અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૨૭. માયાચારી જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૨૮. ભવનવાસી દેવને ક્યા પ્રકારની માયા હોય છે અને તેના કારણો તેઓ શા માટે દુઃખી છે ?
૨૯. લોભી જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે?
૩૦. ભવનવાસી દેવનો લોભ કષાય અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૩૧. હાસ્ય નોકષાય ધરાવતા જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૩૨. ભવનવાસી દેવ પોતાની હાસ્યવૃત્તિ પોષવા શું કરે છે ?
૩૩. ભવનવાસી દેવ નારકીઓને લડાવી હર્ષ મનાવે છે. તો તે તેમનું સુખ છે કે દુઃખ ? કઇ રીતે ?
૩૪. શું કોઇ હસતો જીવ દુઃખી હોય ખરો ? કઇ રીતે ?
૩૫. રતિ નોકષાય ધરાવતા જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૩૬. ભવનવાસી દેવનો રતિ નોકષાય અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૩૭. અરતિ નોકષાય ધરાવતા જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૩૮. ભવનવાસી દેવમાં અરતિ નોકષાય અને તેના કારણો થતું દુઃખ જણાવો.
૩૯. શોક નોકષાય ધરાવતા જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૪૦. ભવનવાસી દેવમાં શોક નોકષાય અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૪૧. ભય નોકષાય ધરાવતા જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૪૨. ભવનવાસી દેવમાં ભય નોકષાય અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૪૩. જુગુપ્સા નોકષાય ધરાવતા જીવનું સ્વરૂપ જણાવો અને તે કઇ રીતે દુઃખરૂપ છે ?
૪૪. ભવનવાસી દેવનો જુગુપ્સા નોકષાય અને તેના કારણે થતું દુઃખ જણાવો.
૪૫. વેદ નોકષાયના ઉદયના કારણે થતી જીવની અવસ્થા જણાવો અને તે આત્માને કઇ રીતે દુઃખદાયી છે ?
૪૬. ભવનવાસી દેવની કામવાસના કેવી છે ? અને તેના કારણે તેઓ કઇ રીતે દુઃખી છે ?
૪૭. ક્રોધ-માન-માયા-લોભની અકષાયજન્ય આત્મિક હેતુ માટેની પ્રવૃત્તિ કઇ રીતે છે ?
૪૮. ક્રોધાદિ કષાયની આત્મિક હેતુ માટેની પ્રવૃત્તિથી ક્રોધાદિ કષાયોના કાય પ્રકારના સાક્ષાત્ કારણો હોવા છતાં ને ઉત્પન્ન થતા નથી ?

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. કષાયજન્ય દુઃખને દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. કષાયજન્ય દુઃખનો સંવાદ ભજવો.
૩. 'અપૂર્વ અવસર' કાવ્યનું સમૂહગાન કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. હાસ્ય પણ એક કષાય છે અને તેથી દુઃખનું કારણ છે તે બાબતની વિશદ સમજૂતી આપવી.
૨. બીજાને લડાવવા જેવી પરપીડનની પ્રવૃત્તિ પોતાને માટે શા માટે પીડાદાયક છે તે બાબતની વિસ્તૃત સમજૂતી આપવી.
૩. 'અપૂર્વ અવસર' કાવ્ય અને તેના રચયિતા શ્રીમદ્ રાજચંદ્ર વિષે માહિતી આપવી.